પાલનપુર શહેરમાં આજથી આરંભાયેલા શૈક્ષણિક સત્રના પ્રથમ દિને પાલનપુરની વિદ્યામંદિર સંસ્થા દ્વારા ભુલકાઓને રંગબેરંગી ટોપી પહેરાવી તિલક કરી શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. (હરેશ જી. જોષી)

તલોદનો એ ગ્રેડનો બસ ડેપો છેલ્લા ઘણા સમયથી બંધ : પ્રજાજનોમાં રોષ

તલોદ, તા. ૧૧

તલોદનો એ ગ્રેડનો કાર્યરત એસ.ટી. ડેપો છેલ્લા કેટલાક સમયથી ચાલુ સ્થિતિમાં ન હોવાથી આસપાસના આશરે ૭૨ ગામના મુસાફરો ભારે પરેશાની વેઠી રહ્યા છે. અને તાત્કાલિક ધોરણે એસ.ટી. તંત્ર આ મામલે ગંભીરતા દાખવી બસ ડેપોને પુનઃ જીવીત બનાવે તેવી પ્રજાજનોની ઉગ્ર માંગણી છે.

તલોદ તાલુકાનો એ ગ્રેડનો કાર્યરત એસ.ટી. ડેપો છેલ્લા કેટલાય સમયથી ચાલુ થતો નથી અને તેના લીધે આશરે ૭૨ ગામની પ્રજા બસ ડેપો પુનઃ જીવીત બને તેની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. પરંતુ કોઈ આ વાતની કંઈ જ પડી નથી. ડેપો પુનઃ શરૂ કરવા પ્રયત્ન તો થઈ રહ્યા છે પરંતુ એકલ દોકલ હાથે...! કોઈ પરિણામ જ આવતું નથી. ગુજરાતમાં ભાજપની સરકાર રાજ કરી રહી છે અને અહી તલોદ નગરપાલિકા ભાજપની બની છે અહીં ઘણાએ રાજકારણીઓ અને સાબરકાંઠાના સાંસદ પણ ભાજપમાંથી ચૂંટાઈ આવ્યા છે. અને પુનઃ ડેપો શરૂ થાય તે માટે સમિતિની પણ રચના કરવામાં આવી છે. પણ રાજકારણ નડતું હોય તેવી સ્થિતિ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પ્રાંતિજનું રેલવે સ્ટેશન સેવા પરત મેળવવા માટે છલ્લા અઠવાડિયાથી આંદોલનને વેગ આપવામાં આવ્યો છે. જેનું પરિણામ અસરકારક આવી ગયું છે. તેમ જાણવા મળે છે. જ્યારે બીજી બાજુ તલોદનો 'એ' કોડનો કાર્યરત ડેપો કે જે પ્રજા ઉપયોગી હતો તે છેલ્લા કેટલાક સમયથી બંધ હોવા છતાં તેને પુનઃ કાર્યરત કરવા માટે નેતા આગળ આવતા નથી તે ચર્ચાનો વિષય આજે બની ગયો છે.

તલોદનો પ્રજા ઉપયોગી અને વેપારી અને શાળાના વિદ્યાર્થીઓને ઉપયોગી બસ ડેપો માટે આવક ઓછી હોવાનું કારણ આગળ ધરી બસ ડેપો બંધ કરવામાં આવ્યો છે. ડેપો શરૂ કરવા ઉચ્ચ અધિકારીઓને કાગળો લખીને જણાવવામાં પણ આવ્યું છે. પરિણામ શૂન્ય..!

આજે તલોદ તાલુકાના ગામો કે જે લગભગ ૭૦ થી ૭૨ ગામોની વસાહત જનતા બસ સુવિધાના અભાવે પારાવાર પરેસાની ભોગવી રહી છે. નવી કે જુની બસો શરૂ થયેલી આજે અનેક રૂટો બંધ છે. રૂટ નવા શરૂ થયા, અને બંધ પણ થયા છે. જેમાંની બસો થોડીક દોડી રહી છે પણ લાંબા અંતરની અનેક બસો ગણી ખરી બંધ છે. પરંતુ તંત્રનું પેટનું પાણી પણ હાલતું ન હોય તેવું પ્રજાને લાગી રહ્યું છે.

ખેડબ્રહ્મા નજીક ભિમાક્ષી નદી પર બનેલા પુલ પર ભૂવો પડતા નાગરિકો પરેશાન

લક્ષ્મીપુરા, તા. ૧૧

ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા તરફ જતા ભૃગુઋષિ પાસે ભિમાક્ષી નદી પર આજથી દોઢેક વર્ષ પહેલા લોકાની અવરજવર માટે લાખો રૂપિયાના ખર્ચે પુલ બનાવવામાં આવ્યો હતો. જે પુલ ઉપર બરોબર વચ્ચે એક મોટો ભૂવો પડી જતા લોકોને વાહન લઈ અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. અને મોતની છલાંગ સમો આ ખાડો ક્યારેક યમદૂત બની જશે...? તેનો ભય લોકોને સતાવી રહ્યો છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા જતા ભૃગુઋષિ પાસેના માર્ગ પર ભિમાક્ષી નદી પર જિલ્લા તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે લોકોની સુવિધા માટે દોઢ વર્ષ અગાઉ પુલ બનાવવામાં આવ્યો હતો. પરંતુ તંત્રના અધિકારીઓ પુલ બનાવ્યા બાદ કોઈ પણ પ્રકારની દેખરેખ કે સાળસંભાળ ન લેતા એક મહિનાથી આ માર્ગ પર વચ્ચોવચ્ચ ચાર-પાંચ ફૂટ પહોળો ભુવો પડી જતા વાહન ચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. તો રાત્રીના સમયે મોટી ટ્રકો અને બસના ટાયરો પણ આ ખાડામાં પડી જવાના બનાવો બન્યા છે. જેવી અવારનવાર પુલ પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે. તંત્રના અધિકારીઓ આ તમામ ઘટનાથી વાકેફ હોવા છતાં કોઈ પણ કાર્યવાહી કરવા તૈયાર નથી. આથી વાહન ચાલકોમાં ભારે રોષ ફેલાયો છે. અને આ ભુવાને સત્વરે રીપેર કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ધાનેરા પાલિકા પ્રમુખના પુત્રના ગૂમ થયાના ૧૪ દિવસ બાદ કોઈ ભાળ ન મળતા ધાનેરા સજ્જડ બંધ

નગરજનોએ તંત્રની ઢીલી નિતી સામે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૧

ધાનેરા નગરપાલિકાના પ્રમુખ અને કોંગ્રેસના અગ્રણી બળવંતસિંહ રાવનો ૪ વર્ષનો પુત્ર રાહુલ ગુમ અને બાદમાં અપહરણની ઘટનાથી ૧૪ દિવસથી સમગ્ર શહેરમાં ભારે રોષ ફેલાયો છે. જે ઘટના અંગે સમગ્ર ધાનેરાવાસીઓએ સજ્જડ બંધ પાળી વિશાળ મૌન રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠાના સરહદી ધાનેરા પંથકમાં છેલ્લા ૧૪ દિવસથી પાલિકા પ્રમુખ અને કોંગ્રેસના અગ્રણી બળવંતસિંહ રાવનો ૪ વર્ષનો પુત્ર ગુમ અને બાદમાં અપહરણની ઘટનાથી સમગ્ર ધાનેરા પંથક ભારે રોષની લાગણી ફેલાવા પામી છે અને આ ઘટનાને પગલે સમગ્ર ધાનેરા વાસીઓએ સજ્જડ બંધ પાળી વિશાળ મૌન રેલી યોજી હતી અને ગુમ રાહુલ શોધખોળ તાત્કાલિક કરી સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપવા અને બનાસકાંઠા જિલ્લા પોલીસની ઢીલી નિતીના વિરોધમાં એસ.ડી.એમ.ને આવેદનપત્ર આપ્યું હતું. જ્યારે ગુમ રાહુલના પિતા બળવંતસિંહ રાવ તરફથી રાહુલને શોધી આપનારને રૂ. ૫ લાખનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

રાહુલના ગુમ થવાની ઘટનાથી પરિવારજનોની હાલત ભારે દયાજનક બની ગઈ છે.

મહેસાણાની દ્વારકાપુરી સોસાયટીના મકાનમાંથી સાત લાખથી વધુની ચોરી

મહેસાણા, તા.૧૧

મહેસાણા જિલ્લામાં મિલકત વિરૂધ્ધના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસ તંત્ર નિષ્ફળ નિવડતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

મહેસાણા જિલ્લાના મુખ્ય મથક મહેસાણા શહેર, ઊંઝા, વિસનગર વિજાપુર, કડી પંથકમાં મિલકત વિરૂધ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ ખુબ જ વધી ગયું છે. મહેસાણા શહેર, તાલુકા અને ઊંઝા વિસ્તારમાં છાશવારે નાની મોટી ચોરીઓના કિસ્સાઓ બની રહ્યા છે. પોલીસ પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે દિવસ એન રાત્રિના સમયે તસ્કરો લોકોની લાખોની મત્તાની ચોરીઓ કરીને ધાર્યું નિશાન પાર પાડી રહ્યા છે તેમ છતાં પોલિસતંત્ર દ્વારા ગંભીર પ્રકારના ગુનાઓને અંકુશમાં લેવા માટે અસરકારક પગલા ભરાતાં નથી પરિણામે લોકો ચિંતાતુર બન્યા છે.

મહેસાણા ખાતેના રાધનપુર રોડ પર આવેલ દ્વારકાપુરી સોસાયટીના એક મકાનમાં તસ્કરોએ ત્રાટકીને અંદરથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. ૭,૮૧,૦૦૦ની મત્તાની ઘરફોડ ચોરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનતા શહેરીજનોમાં અસલામતીની લાગણી પ્રસરી છે.

ખેડબ્રહ્મામાં બે જોષી પરિવાર વચ્ચે સામાન્ય બોલાચાલી થતાં સામ સામે ફરીયાદ

ખેડબ્રહ્મા, તા.૧૧

ખેડબ્રહ્મામાં બે જોષી પરિવાર અહીં કેમ આવ્યા છો તેવી સામાન્ય બાબતમાં ઝગડો કરી એકબીજાને ગડદાપાટુનો માર મારવાના બનાવ સંદર્ભેએક મહિલા સહિત ચાર ઈસમો વિરુદ્ધ સામ સામે ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્માની ગાયત્રી સોસાયટીનાં રહીશ મીનાબેન અતુલકુમાર જોષી મુંબઈથી ઘેર આવ્યા હતાં. દરમિયાન મંગળવારે સવારે મીનાબેન તેમના પતિ સાથે વાતો કરતા હતા ત્યારે અશોકકુમાર કાન્તિલાલ જોષી તથા જીમી કાન્તિલાલ જોષી તેમના ઘરે આવ્યા હતા અને તમે અહીંયા કેમ આવ્યા છો તેમ કહી મીનાબેન સાથે ઝઘડો કરી અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. ત્યારે સામા પક્ષે અશોકકુમાર ગાયત્રી સોસાયટીમાં અતુલભાઈનું ઘર ખુલ્લું છે તેવા સમાચાર મળતા ત્યાં ગયા હતા અને તેમને અતુલભાઈ જોષી તથા મીનાબેન સાથે બોલાચાલી થઈ હતી તેમને ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. આ સંદર્ભે બંને પરિવારોએ સામ સામે ફરિયાદ નોંધાવતા ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા કોલોની કેનાલ પાસે બાઈકસવારોને બચાવવા જતા પાલનપુરથી દાંતીવાડા તરફ જતી જીપ નં. જીજે-૮એફ-૪૫૨૦ રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જેમાં બેઠેલા એક મહિલા સહિત ત્રણ પુરુષોને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

ઉમેદપુરા ગામે ૫૧ કુંડી લઘુરૂદ્ર યોજાયો

વડોલી, તા. ૧૧

ઈડર તાલુકાના ઉમેદપુરા ગામે આવેલ શિવજી મંદિર ખાતે તાજેતરમાં આચાર્ય જનકભાઈ શાસ્ત્રી દ્વારા વૈદિક મંત્રોના ઉચ્ચારણ સાથે ૫૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉમેદપુરા ગામમાં સ્થિત મહાદેવ મંદિરમાં ભારે હર્ષોલ્લાસપૂર્વક જશુભાઈ મકવાણા, જયેશ મોટ પટેલના પરિવારજનોના યજમાન પદે આ ૫૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૧ દંપતિએ પૂજા અર્ચનામાં જોડાયા હતા. આ ધાર્મિક પ્રસંગે એકવીસ ભુદેવ અને આચાર્ય જનકભાઈ શાસ્ત્રીના વૈદિક મંત્રો દ્વારા યજ્ઞ સંપન્ન થયો હતો. જેમાં પાંચ હજારથી વિશેષ હરિભક્તોએ દર્શન અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. યુવક મંડળે ઉમદા સેવા સમર્પણ કરી અંતે વાડિયાવીરના મહંત શાંલિગીરીજીએ સર્વેને આશીર્વાદ આપ્યા હતા. જ્યારે ચતુરભાઈ પટેલ અને કાન્તીભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૬૯૦	૯૪૧
એરંડા	૭૧૫	૭૩૧
ઘઉં	૩૧૦	૩૬૫
બાજરી	૨૪૦	૨૯૨
વરીયાળી	૧૧૧૬	૧૪૨૨
ગવાર	૧૨૦૦	૧૩૨૭

સલાલ

મગફળી	૮૫૦	૯૪૧
ઘઉં	૩૧૦	૩૬૦
બાજરી	૨૪૦	૨૬૫
ડાંગર જયા	૨૯૫	૩૨૦
ડાંગરગુજ	૩૩૫	૩૬૦

પ્રાંતિજ

એરંડા	૬૮૦	૭૦૦
ઘઉં	૩૦૦	૩૫૦
બાજરી	૨૪૦	૨૬૫
ડાંગર ગુજ	૩૩૫	૩૬૦
ડાંગર જયા	૨૯૫	૩૨૧

ધનસુરા

એરંડા	૭૦૫	૭૧૫
મકાઈ	૨૫૦	૨૯૦
ઘઉં	૩૧૦	૩૬૦
બાજરી	૨૬૦	૨૬૫
વરીયાળી	૧૨૦૦	૧૪૦૦
ગવાર	૧૧૦૦	૧૨૫૦

ખેડબ્રહ્મા

ઘઉંલોકવાન	૩૧૦	૩૪૪
ઘઉંઇ૯૬	૩૧૫	૩૬૦
મકાઈ	૨૪૩	૨૬૬
એરંડા	૭૧૫	૭૨૨
મગફળી	૭૭૧	૮૨૬
મગ	૧૦૧૦	૧૦૭૦

મોડાસા

રાયડો	૫૭૦	૬૧૧
એરંડા	૭૦૦	૭૨૫
બાજરી	૨૬૫	૩૦૦
મકાઈ	૨૫૦	૨૮૪
મગફળી	૮૨૧	૯૧૭
ગવાર	૧૨૫૦	૧૨૭૫
ચણા	૬૫૦	૮૪૩
મગ	૯૫૦	૯૯૮

ટીંટોઇ

એરંડા	૬૯૦	૭૦૮
બાજરી	૨૫૦	૨૬૮
ઘઉં	૩૦૦	૩૪૮
મગફળી	૮૨૦	૮૯૦
મગ	૯૫૦	૧૧૩૦

દહેગામ

બાજરી	૨૭૦	૨૮૦
ઘઉં	૩૦૯	૩૩૭
ડાંગર	૨૭૦	૨૭૫
એરંડા	૭૧૦	૭૧૯
ગવાર	૧૨૦૦	૧૨૩૪
મકાઈ	૨૨૫	૨૮૦
તુવેર	૫૩૫	૬૬૫
જુવાર	૩૦૦	૩૪૬
રાયડો	૫૩૦	૫૭૦

રખિયાલ

બાજરી	૨૬૫	૨૭૫
ઘઉં	૩૦૫	૩૩૫
ડાંગર	૨૬૫	૨૭૦
એરંડા	૭૦૫	૭૧૫
ગવાર	૧૧૯૦	૧૨૨૫
મકાઈ	૨૨૦	૨૭૦
તુવેર	૫૩૦	૬૬૦
જુવાર	૨૯૦	૩૪૦
રાયડો	૫૨૫	૫૬૦

હિંમતનગર

મગફળી	૭૦૯	૯૨૯
એરંડા	૭૦૦	૭૨૫
ઘઉં	૩૧૫૮	૩૮૦
મગ	૧૦૦૦	૧૦૩૦
બાજરી	૨૬૦	૨૭૭
મકાઈ	૨૬૦	૨૭૦
ચણા	૬૦૦	૬૧૦
ગવાર	૧૨૦૦	૧૩૪૪

ઈડર

ઘઉં	૩૨૫	૩૫૦
મકાઈ	૨૫૦	૨૯૦
એરંડા	૬૯૦	૭૧૨
મગફળી	૮૫૦	૯૪૦
તલ	૧૨૦૦	૧૩૦૦
ગવાર	૧૨૫૦	૧૩૩૫
અડદ	૫૫૦	૬૧૫
જુવાર	૩૫૦	૩૭૦
મગ	૯૫૦	૯૯૦

પાલનપુર

ઘઉં	૩૦૦	૩૯૮
બાજરી	૨૬૫	૨૮૨
એરંડા	૭૦૦	૭૨૫
રાયડો	૬૦૨	૬૪૬
રાજગરો	૯૨૧	૧૦૧૮
જુવાર	૫૬૦	૫૯૦
મગફળી	૭૭૫	૯૨૫
ગવાર	૧૨૧૧	૧૨૭૪
મગ	૧૦૦૦	૧૦૮૦

સિદ્ધપુર

રાજગરો	૯૫૦	૧૦૧૨
વરીયાળી	૮૨૬	૧૦૫૭
તલ	૧૫૬૨	-
રાયડો	૬૦૪	૬૪૫
એરંડા	૬૮૨	૭૩૫
ગવાર	૧૨૨૮	૧૨૫૩
ઘઉં	૨૯૦	૪૧૩
બાજરી	૨૬૧	૨૭૮
જુવાર	૨૬૫	૫૦૧
જીરૂ	૧૮૦૦	૨૩૮૨
સવા	૬૨૧	૭૦૫

મહેસાણા

જુવાર	૩૧૧	૩૮૦
ઘઉં	૩૦૫	૪૦૯
જીરૂ	૧૦૦૦	૨૩૬૩
રાયડો	૫૬૦	૬૩૪
મેથી	૫૩૬	-
સવા	૬૬૬	૭૧૩
વરીયાળી	૯૩૫	૯૫૫
બાજરી	૨૧૦	૨૭૬
એરંડા	૭૦૦	૭૨૫
અજમો	૪૭૬	૧૩૨૦
રાજકાળી	૧૪૦૦	૨૮૦૦
ગવાર	૧૨૨૦	૧૨૭૫
બંટી	૩૭૦	-

આંબલીયાસણ

ઘઉં	૩૧૨	૩૬૫
બાજરી	૨૪૧	૨૮૦
રાયડો	૫૯૯	૬૧૭
એરંડા	૭૦૮	૭૧૧

જોટાણ

ઘઉં	૩૧૮	૩૪૮
એરંડા	૭૦૭	૭૧૧
બાજરી	૨૪૫	૨૬૫
ગવાર	૧૧૮૦	૧૨૧૨
કમલપરૂ	૩૬૬	૩૭૫

ઠારીજ

ઈસબગુલ	૯૦૦	૧૦૦૦
રાયડો	૬૦૦	૬૪૨
એરંડા	૬૮૫	૭૦૬
સાસટો	૩૦૦	૩૮૫
બાજરી	૨૪૦	૨૭૧
ઘઉં	૩૦૨	૩૯૧
ગવાર	૧૧૫૦	૧૨૯૦
ચણા	૫૫૦	૬૦૦
જીરૂ	૨૧૦૦	૨૪૭૭
સવા	૬૦૦	૬૮૫
બંટી	૩૨૫	૩૫૦
મેથી	૫૦૦	૫૩૦

કલોલ

ઘઉં	૩૦૫	૩૭૦
એરંડા	૭૦૦	૭૧૫
બાજરી	૨૫૦	૨૮૫
રાયડો	૬૦૯	૬૧૨
ડાંગર	૨૬૫	૩૬૦
ગવાર	૧૨૦૧	૧૩૨૧
જુવાર	૩૬૦	૪૨૭
જવ	૨૫૦	૨૫૫

બાયડ

એરંડા	૬૫૦	૭૦૦
ઘઉં	૩૦૦	૩૫૦
બાજરી	૨૫૮	૨૬૫
મકાઈ	૨૬૨	૨૭૦
ગવાર	૧૦૦૦	૧૩૦૦
વરીયાળી	૧૨૦૦	૧૩૦૦

પાટણ

જીરૂ	૨૦૪૦	૨૩૮૩
વરીયાળી	૮૦૦	૧૩૨૯
બંટી	૩૮૦	૪૦૮
રાયડો	૫૯૦	૬૫૯
એરંડા	૬૮૫	૭૩૯
ઘઉં	૨૯૦	૪૫૪
જુવાર	૨૬૦	૩૮૦
બાજરી	૨૫૦	૨૮૮
ગવાર	૧૧૦૦	૧૨૭૪
મેથી	૪૯૨	૫૩૫
સવા	૪૮૦	૭૫૮

ઉંઝા

અસાળીયો	૭૪૦	૭૪૧
જીરૂ	૧૯૫૦	૨૭૧૩
વરીયાળી	૮૭૫	૧૯૬૦
ઈસબગુલ	૧૨૦૫	૧૪૬૦
સરસવ	૬૩૭	૭૦૫
રાયડો	૫૬૩	૬૭૩
મેથી	૫૪૩	-
તલ	૨૦૧૫	૨૧૦૫
સવા	૬૦૩	૯૦૧
અજમો	૮૫૧	-

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન